## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

જો તુમ તોડો, પિયા મૈં નહીં તોડું
તોરી પ્રીત તોડી, કૃષ્ણ કોન સંગ જોડું ?
તુમ ભયે તરૂવર, મૈં ભઇ પંખિયા;
તુમ ભયે સરોવર, મૈં તેરી મછિયા.
તુમ ભયે ગિરિવર, મૈં ભઇ મોરા;
તુમ ભયે ચંદા, હમ ભયે ચકોરા

- મીરાં

### પાથેય

- રમેશ ઠક્કર

## ભવસાગરનો તરાપો...

આપણા પ્રશ્નો દુન્યવી હોય છે..જેનો ઉકેલ જગતના ડાહયા લોકો પાસેથી જ મળી જાય.એ ઉકેલ સરળ હોઈ શકે.પરંતુ એમાં શાશ્વત નિરાકરણ ના હોઈ શકે ! મીરાં કહે છે એમ સંસારીનું સુખ કાચું પરણી રંડાવું પાછું ! જે લોકો પરમ તત્વને પામી ગયા છે એવા લોકોને આવા અલ્પકાલીન ઉકેલોમાં રસ હોતો નથી..જગતની પ્રીત તો સ્વાર્થના પાયા ઉપર રચાયેલી હોય છે..એ પાયામા રૂપ, સંપત્તિ, સત્તા, કે પદવીઓનું પુરાણ થયેલું હોય છે..એમાંથી જો કશુંક ઓછું થાય તો એ પાયા હચમચી જતા હોય છે..અને જો પાયા જ જો આવા તકલાદી હોય તો એના ઉપર રચાતી સંબંધોની ઈમારત કેટલી સલામત ગણાય ? મીરાં જેવી અલગારી વ્યકિતને આવાં ઝાંઝવાંની તલાશ હોતી નથી..એ જુદા કાફલાની મુસાફર છે..એની લાગણીનો તાર સીધા જ કૃષ્ણના હદય સાથે જોડાયેલો છે...અને આવો સંચાર છોડી એ શુષ્ક સંસારમાં શું કામ આવે ?

એના ઉત્કટ ભાવો શબ્દ બનીને પ્રગટે છે..જેના નેટવર્કના બીજા છેડે સ્વયં ભગવાન હોય એનો ડર પણ જેવો તેવો ના હોઈ શકે..! ઈશ્વર સાથેનું એ કનેકશન અવિરત ચાલતું રહે એ ભકત હદયની એકમાત્ર અભિપ્સા છે..એ કહે છે હું તો હવે આ છેડો કયારેય છોડવાની નથી...એ લાડથી ભગવાનને કહે છે કે તમે જો છોડો તો ભલે બાકી હું તો બરાબર ચીપકી જ રહીશ આ તંતુને..ભકત આમ જોઈએ તો સીધાસાદા લાગે પણ એમની કોઠાસૂઝ ગજબ હોય છે..એને ખબર છે કે જે વ્યક્તિ સાથે એ ભક્તિના તારથી જોડાઈ છે એ જેવીતેવી હસ્તી નથી..એ જગતનો નાથ છે..એની સાથે જો જોડાઈ રહીએ તો કયારેય અનાથ થવાનો વારો આવતો નથી.એનો પ્રશ્ન બાળસહજ પણ અદ્ભૂત છે..એ કહે છે કે આવો સંગ છોડી હું બીજા કોની સાથે જોડાઉં ? મીરાના ગીરધરનો કોઈ વિકલ્પ હોઈ શકે ?

જે રીતે ઝાડના વૈભવ હેઠળ પક્ષીઓ પોતાનો નિવાસ બનાવતાં હોય છે એમ જ ભક્તજનો ઈશ્વરના સાનિધ્યે પોતાનું જીવન સમર્પિત કરી દેતા હોય છે.વૃક્ષની શીતળતા અને એની હૂંફ કેવી હોઈ શકે એ કોઈ પંખીને પૂછવા જેવી વાત છે..આપણે તો વૃક્ષ અને પંખી બંનેને સતત અવગણતા રહીએ છીએ..કઠિયારો જેવા આપણા હાથ કદી ઝાડ સાથે લાડ ના કરી શકે.. એકાદ વહેલી પરોઢે વૃક્ષની ડાળીઓ ઉપરથી આકાશ તરફ ટેઈકઓફ કરતાં પંખીઓના કલરવને જોયો હોય તો જ આ વાત સમજાય ! એક પંખી માટે ઝાડનું સાનિધ્ય છોડવું એટલું સરળ નથી હોતું..દિવસ દરમિયાન પેટ ભરવા કે ઘડીભર વિશ્રવાસ એ ઉડાન ભરતું રહે પણ એનું જોડાણ તો ઝાડના દેહ સાથે એવું હોય છે જેવું એક બાળકની એની માતાની ગોદ સાથે હોય ! અને એટલે જ અહીં એ પ્રશ્ન થાય છે કે મુગ્ધ પંખી જેવી મીરાં ઈશ્વરરૂપી વૃક્ષને કઇ રીતે અલિપ્ત કરી શકે ?

છલોછલ વૈભવ એની ભીતરી સૃષ્ટિ છે..જળમાં વમળ લેતી

અનુસંધાન પાના નં. ૭ પર

# માનવીય કરુણાના બે વિશિષ્ટ પ્રયોગો

મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લાનું એક ગામ આજકાલ એના વિશિષ્ટ નિર્ણયને કારણે ચર્ચામાં છે. એક ગ્રામ પંચાયત પણ ધારે તો કેવો ક્રાંતિકારી નિર્ણય લઈ શકે એનું નમૂનેદાર ઉદાહરણ એક નાના ગામની ગ્રામસભાએ કર્યો છે. વિધવા સ્ત્રીએ હવે એના સેંથાનું સિંદૂર ભૂંસવાની કે પતિના મૃત્યુ વખતે બંગડીઓ ફોડવાની ક્રૂર પ્રક્રિયામાંથી પસાર નહીં થવું પડે. તે મંગળસૂત્ર પણ પહેરી શકશે અને રંગીન સાડી પણ પહેરી શકશે. વિધવા તરીકેની વિશિષ્ટ અને વિષાદપ્રેરક ઓળખ સદંતર દૂર કરવાની પહેલ કરનાર ગામ હેરવાડાના નિર્ણયને રાજય સરકારે માત્ર બિરદાવ્યો છે એટલું જ નહીં, ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી મહાવિકાસ અઘાડી સરકારે એનો સમસ્ત મહારાષ્ટ્રમાં અમલ કરતો પરિપત્ર જાહેર કર્યો છે. રાજકારણનાં ગંદવાડમાં અહર્નિશ ડૂબેલા રહેતા કેન્દ્ર અને રાજયોના નેતાઓને ઉદ્ધવ ઠાકરે પાસેથી આવું રચનાત્મક અને ઈનોવેટિવ સમાજસેવાનું કામ પણ શીખવા જેવું છે.

મહારાષ્ટ્ર અને બંગાળ ભારતનાં બે મહાન રાજયો છે જે આવા સમાજ સુધારાનાં કાર્યોમાં અગ્રેસર રહ્યા છે. સતીપ્રથા વિરુદ્ધ રાજા રામમોહન રાયે બંગાળમાં અવાજ બુલંદ કર્ય અને વિલિયમ બેન્ટિકના શાસનકાળમાં સતીપ્રથા વિરુદ્ધ કાયદો બનાવાયો હતો. મહારાષ્ટ્રમાં છત્રપતિ સાહુ મહારાજે દલિતો માટે કરેલ કાર્ય ઐતિહાસિક છે. મહાત્મા જયોતિરાવ ફુલેએ અસ્પૃશતા નાબૂદી માટેનો

**તંત્રીસ્થાનેથી...**


બૂંગિયો ફૂંકીને ખુદ મહાત્મા ગાંધીને પ્રેરણા આપી હતી. લોકમાન્ય તિલકે સ્વાતંત્ર્ય ચળવળને ગણેશોત્સવ સાથે સાંકળી અંગ્રેજ શાસકોની આંખોમાં ધૂળ નાખી હતી. ઉદ્ધવ ઠાકરે દ્વારા રાજય સ્તરે લેવાયેલ સુધારાવાદી નિર્ણય રાષ્ટ્રવ્યાપી કાયદાનું સ્વરુપ ધારણ કરે એવું ઈચ્છીએ. વિધવાને 'ગંગાસ્વરુપ' ગણી લઈ એના શુકન પણ નહીં લેવાની ક્રૂર જીવનશૈલી વિરુદ્ધ મહારાષ્ટ્રે કરેલી પહેલને બિરદાવીએ. એક તરફ હરિયાણાની 'ખાપ' પંચાયતો પ્રેમી યુગલોને ઝાડ સાથે બાંધીને કોરડા વીંઝાવે છે; એમના પર અમાનુષી ત્રાસ ગુજારે છે. આખા પરિવારના પરિવાર વેરવિખેર થઈ જાય છે. કયારેક તો એમને ગામ છોડી દેવાની ફરજ પડે છે. એને સરકાર કે ન્યાયપાલિકાનો સહકાર મળે તો પણ ગામ સ્વીકારતું નથી એ મુદ્દો મહત્ત્વનો બની રહે છે. બીજી તરફ મહારાષ્ટ્રમાં વિધવા બહેનો માટે થયેલ નવો 'કાયદો' આપણને માનવજીવનની સાચી ઉત્ક્રાંતિ અને 'માણસાઈ'નું દૃષ્ટાંત પૂરું પાડે છે. આવો એક બીજો રચનાત્મક પ્રયોગ જૂનાગઢના કલ્પનાશીપ કલેકટર દ્વારા થયો છે. એમણે જૂનાગઢમાં દેશની પહેલી 'ગવર્નમેન્ટ હ્યુમન લાઈબ્રેરી' શરૂ કરી છે. ડેન્માર્કથી શરૂ થયેલો આ પ્રયોગ સોરઠ સુધી લઈ આવીને જૂનાગઢના યુવાન કલેકટરે એક કરવા જેવું કામ કર્યું છે. હાલ પૂરતું આ હ્યુમન લાઈબ્રેરી સરકારી કર્મચારીઓ પૂરતી છે. પરંતુ કાળક્રમે એનો વિસ્તાર થશે અને તે જનસાધારણને ઉપલબ્ધ થશે. કન્સેપ્ટ એકદમ ઈનોવેટિવ છતાં આદિઅનાદિ કાળથી ચાલ્યો આવતો વિચાર જ છે. માણસને એની મુંઝવણનો ઉકેલ ન મળે તો કંઈ નહીં, પણ કોઈ વ્યક્તિ સાથે મનની પીડા શૅર કરવાની તાલાવેલી રહેતી હોય છે. ઘરનાં માણસો કે પરિચિતો સમક્ષ એ પીડા રજૂ કરવથી એના વિશે ગેરસમજ થવાની સંભાવના રહે છે. ત્યારે એને કોઈ ત્રાહિત વ્યક્તિ ઉપલબ્ધ કરાવાય કે જે એની વાત ધ્યાનપૂર્વક સાંભળે એટલું જ નહીં, સાંભળીને શક્ય હોય તો એની સમજણ મુજબ ઉકેલ પણ બતાવી શકે તે ખૂબ જ પ્રશંસનીય બાબત લેખાશે. આવી અજાણી વ્યક્તિ અલબત્ત લાઈબ્રેરી મારફત ઉપલબ્ધ કરાવાશે અને એને દુખિયારા જણની અંગત વાતનું વતેસર કરી એને સાર્વજનિક કરવાની છૂટ નહીં હોય. લગભગ તો આવી વ્યક્તિ પીઢ, અનુભવી, ધાર્મિક કે સમાજ સેવા સાથે સંકળાયેલ હશે અને જે - તે પ્રકારના પ્રશ્નો સમજવાની તૈયારી સાથે સેવાઓ આપશે. કલેકટરશ્રીને ધન્યવાદ.

# મોઢાનાં સ્વાસ્થ્યને અસર કરતી હાનિકારક આદતો




ભાગ I : માઉથ બ્રીધીંગ (મોંઢાથી સ્વાસ લેવો)

બાળકોમાં મોઢા તથા જડબાના સંપૂર્ણ વિકાસ માટે વારસાગત કારણો, ખોરાક, બાળકનું સ્વાસ્થ્ય, રોગપ્રતિકારક શક્તિ વગેરે મુખ્ય બાબતો છે. પરંતુ આ સિવાય મોઢાના વિકાસમાં, જડબાની તથા દાંતની ગોઠવણીને અસર કરતી કેટલીક



આદતો આગળ જઈને વાંકાચૂંકા દાંત તથા જડબાની અયોગ્ય ગોઠવણના લીધે દેખાવ સંબંધિત સમસ્યાઓ સર્જી શકે છે. જેમાં અંગૂઠો, ચૂસવો, મોઢા વડે શ્વાસ લેવો, ટંગ થ્રસ્ટીંગ, દાંત કચકચાવવા, હોઠ ચાવવો, મેસોચીસ્ટીક હેબીટ મુખ્ય છે. મિત્રો આજે આપણે આમાની જ એક એવી માઉથ બ્રીધીંગ આદત વિશે આપણે જાણીએ. સામાન્ય રીતે વ્યક્તિ નામથી શ્વાસ લેતી હોય છે. આ આદતથી તાળવા પર કાયમી દબાણ રહેતું હોવાથી તાળવાનો આકાર અને ગોઠવણ યથાવત રહે છે. પરંતુ મોઢા વડે શ્વાસ લેવાનાં કારણે તાળવા પર અનિયમિત દબાણ થવાનાં લીધે તથા જીભનું પણ સ્થાન અને પોઅરનાં કારણે દાંતની ગોઠવણીમાં ફેરફાર જણાય છે.

મોઢાથી શ્વાસ લેવાનાં કારણે :

મોઢાથી શ્વાસ લેવાની આદતની પાછળ ઘણાં કારણો જવાબદાર છે. જેમાં વારસાગત કારણો, એલર્જી, નાકનો શ્વસનમાર્ગમાં અવરોધ જેમાં ટોન્સિલ, નાકનો પડદો આડો હોવો, નાકનો આકાર, જડબાનો આકાર અને સાઈઝ, ગાંઠ વગેરે જેના લીધે વ્યક્તિ મોઢાથી શ્વાસ લેવા માટે મજબૂર બને છે.

● મોઢાથી શ્વાસ લેવાનાં લક્ષણો :

ઘણી વાર વ્યક્તિ પોતાની મોઢાથી શ્વાલ લેવાની આદત અંગે સભાન હોતી નથી, ખાસ કરીને ઘણી વ્યક્તિઓ સૂતી વખતે મોઢાથી શ્વાલ લેતી હોઈ શકે છે, જેના લક્ષણો નીચે મુજબ છે :

નસકોરા
મોઢાનું સૂકાવું
મોઢામાંથી દુર્ગંધ આવવી
થાક લાગ્યા કરવો.

● બાળકોમાં મોંઢાથી શ્વાસ લેવાનાં લક્ષણો :

માતાપિતા એ પોતાનાં બાળકમાં મોંઢાથી શ્વાસ લેવાની આદત અંગે સભાનતા કેળવવી જરૂરી છે. આ માટે કેટલાક લક્ષણો અંગે ધ્યાન દોરવું જરૂરી બને છે.

- સામાન્ય કરતા ધીમો શારીરિક વિકાસ.
- ચીડિયાપણું.
- કાકડા ફૂલવા
- હોઠ સૂકાવા કે હોઠ પર ચીરા પડવા
- દિવસે ઊંઘવું / ઘેનમાં હોવું
- સ્કૂલમાં / ભણવામાં ધ્યાન ન લાગ્યું

ઘણી વ્યક્તિઓમાં રાત્રે સૂતી વખતે નાકને બદલે મોંઢાથી શ્વાસ લેવાની આદત ને ઓબસ્ટ્રકટીવ સ્લીપ એપ્નીઆ (DSA) કરે છે.

ઘણી વખત સ્ટ્રેસનાં લીધે પણ આ બીમારી જોઈ શકાય છે.

● મોંઢાથી શ્વાસ લેવાનાં કારણે થતી તકલીફો :

- અસ્થમા
- લાંબા ગાળાની એલર્જીક સમસ્યાઓ
- લાંબા ગાળાની સાયનસ ઈન્ફેકશન

● મોંઢાથી શ્વાસ લેવાનાં કારણે ઉદ્ભવતી સમસ્યાઓ

- લાંબો, ચપટો ચહેરો
- ગમી સ્માઈલ (હસતી વખતે વધારે પેઢા દેખાવવા)
- વાંકાચૂકા દાંતની સમસ્યા, દાંત આગળ હોવા અને તાળવું ઊંડું હોવું.
- ધીમો શારીરિક વિકાસ.

● મોંઢાથી શ્વાસ લેવાની આદતનું નિરાકરણ લાવવાનાં ઉપાયો

સૌપ્રથમ આપના બાળકને ડેન્ટિસ્ટની મુલાકાત લેવી જરૂરી છે. જો આ સમસ્યાનું નિદાન થાય તો તે માટેનાં ઘણાં ઉપકરણો તેની સારવાર માટે અગત્યનાં છે, તેમાનું સૌપ્રથમ ઓરલ સ્કીન (વેસ્ટીબ્યુટર સ્કીન) છે.

આ અપ્લાયન્સ બાળકનાં મોઢાનું માપ લઈને દાંત અને હોઠની વચ્ચેનાં ભાગમાં પહેરવામાં આવે છે. ખાસ કરીને રાત્રે સૂતી વખતે ઓરલસ્કીન પહેરવાથી મોંઢા વડે શ્વાસ લેવાની પ્રક્રિયા અવરોધાય છે, જેથી કરીને વ્યક્તિ નાકથી શ્વાસ લે છે.

### દિન મહિમા

- આંતરરાષ્ટ્રીય ચા દિવસ
- સાંસ્કૃતિક વિવિધતા માટે સંવાદ
- રાજીવ ગાંધીની પુણ્યતિથિ
- સુંદરલાલ બહુગુણાની પુણ્યતિથિ, ચિપકો ચળવળના નેતા

### આજનું ઔષધ

- સુતી વખતે શેકેલી હળદરનો ટુકડો ચુસવાથી ઉધરસ, કાકડા અને ગળાના રોગોમાં લાભ થાય છે.

### ખડખડાટ

- આજે તો મજ્જા પડી ગઈ
પત્નિએ ગુસ્સામાં કહ્યું : ચા પીવી હોય તો જાતે બનાવી લ્યો...
ચાના ડબ્બામાંથી ૪૫૦૦ રૂપિયા નીકળ્યા....!

### આજનો વોટ્સએપ

- આત્મીયત સંબંધોના કયારે
બ્રેક અપ નથી હોતા
જયાં વિશ્વાસ હોય ત્યાં
ચેક-અપ નહીં હોતા
પરોપકારી પ્રવૃત્તિના કયારેય
પેક-અપ નથી હોતા
જીવી લો મન ભરીને
વીતેલા સમયના કોઈ
બેક અપ નથી હોતા.

# ગાંધી-વિનોબાના આજીવન મશાલચી : મણિભાઈ સંઘવી




૨૦૦૧ના ભીષણ ભૂકંપ પછી કચ્છમાં થયેલા પરિવર્તનો ઉડીને આંખે વળગે તેવા છે. ખમીરવંતી કચ્છની પ્રજાને વિશ્વભરના લોક સમુદાયની મદદ તથા સહાનુભૂતિ બંને મળ્યા. પરિણામ સ્વરૂપે કચ્છનું નવનિર્માણ થયું. આફત એક અવસરમાં પરિણમી. કચ્છના લોકો સ્વબળે ખુબ જ આગળ પણ વધ્યા. પરંતુ આ વિકાસની ઉજળી કથાના પહેલાના કચ્છ જિલ્લાના સમયનું સ્મરણ કરીએ તો ચિત્ર ઘણું જુદું જોવા મળે છે. આ વાત એ સંદર્ભમાં કહેવી છે કે જિલ્લા વિકાસ અધિકારી તરીકે કચ્છમાં ત્રણેક દાયકા પહેલા કામ કરવાની મને તક મળી હતી. એ દિવસોની જયારે સ્મૃતિ થાય છે ત્યારે સમગ્ર સ્થિતિ ભિન્ન હતી તેમ સમજાય છે. વરસાદની અછત તથા રાહત કામોની ઈકોનોમી એ પહેલી નજરે જ ધ્યાનમાં આવતા હતા.

સાર્વત્રિક વિકાસની વાત કરીએ ત્યારે વાગડ(રાપર તાલુકો)ની સ્થિતિ વધારે નબળી હતી.વાગડ વિસ્તારની મુલાકાતો અવારનવાર કરવાની જરૂર મને જણાતી હતી. આ પ્રવાસો દરમ્યાન તમામ સરકારી કામો કર્યા પછી એક વ્યક્તિને મળવાનું હંમેશા ખેંચાણ રહેતું હતું. ગ્રામ સ્વરાજ સંઘ નીલપરમા જઈને વાગડના વડલા સમાન વ્યક્તિ મુરબ્બી મણીભાઈ સંઘવીને મળ્યા પછી જ સામાન્ય રીતે વાગડની મુલાકાત પુરી થતી હતી. વાગડની તે સમયે જે સ્થિતિ હતી તેમાં ધૂણી ધખાવીને સામાજિક કાર્યો કરવા બેઠેલા મણીભાઈને મળીને હંમેશા પ્રેરણા મળતી હતી. જુગતરામ દવે, બબલભાઈ મહેતા કે મણીભાઈ સંઘવી જેવા 'ગાંધીના ગોવાળો' બાપુના ગયા પછી પણ તેમની વિચારધારાને અનુસરીને નિરંતર કાર્યરત રહેતા હતા તે બાબત નજરે જોઈ છે.

પરિસ્થિતિની પ્રતિકૂળતા તેમને ક્યારે પણ વચ્ચે આવી નથી. આથી જયારે 'ગ્રામ સ્વરાજના સમર્પિત યાત્રી' એવા શીર્ષકથી સ્વ. મણીભાઈ સંઘવીની કર્મઠ જીવનયાત્રા પર લખાયેલું સુંદર પુસ્તક મળ્યું ત્યારે મનમાં ઘણી જ પ્રસન્નતા થઈ. મણીભાઈ સંઘવી જેવું જીવતર જીવી જનાર લોકોનું ઉદાહરણ સાંપ્રત કાળમાં વિશેષ પથદર્શક બને તેવું છે. મણિભાઈનું જન્મ શતાબ્દી વર્ષ ૧૯૨૧માં સંપન્ન થયું તેના સુખદ સંભારણા તરીકે પણ આ પુસ્તકનું એક વિશેષ મૂલ્ય છે. પુસ્તકનું સંપાદન કાર્ય નિષ્ઠા તેમજ ખંતથી કરનાર ભાઈ રમેશભાઈ સંઘવી, મુકતા ભાવસાર તેમ જ કમલ ખીમાણી આપણાં અભિનંદનના અધિકારી છે.

દેશ આઝાદ થયો ત્યાર બાદ મોટા ભાગની બાબતો નક્કી કરવામાં કે તેનો અમલ કરવામાં સરકાર કે તેના વહીવટીતંત્ર પર આધાર રાખવાની એક અનિચ્છનીય પ્રથા શરુ થઈ. સરકારી તંત્ર તેના ભાગે આવતી ફરજોનું પાલન કરે તેની જાગૃત તકેદારી રાખવાનું કામ અલબત્ત લોકોનું કે તેમના આગેવાનોનું છે. પરંતુ વ્યાપક સામાજિક હિતના કાર્યોમાં લોક-ભાગીદારીની સક્રિયતાનું એક વિશેષ મૂલ્ય છે. મણીભાઈ આવી લોકભાગીદારી ઉભી કરી શક્યા અને તેથી સરકારની યોજનાઓનો વાસ્તવિક લાભ લોકો સુધી સરળતાથી પહોંચાડી શક્યા. મારી સ્મૃતિમાં છે કે આદિવાસી સમાજ માટેની સરકારની એક મહત્વાકાંક્ષી યોજનાનો ખરો લાભ મણીભાઈના સંસ્થાગત માળખાના માધ્યમથી લાભાર્થીઓ સુધી પહોંચી શક્યો. જિલ્લા કક્ષાએથી આ યોજનાના અમલીકરણ માટે તેમની સંસ્થાનું નામ અમે જિલ્લા વહીવટીતંત્ર તરફથી સૂચવ્યું હતું. આ ભલામણનો સ્વીકાર પણ થયો હતો. તેના સુખદ પરિણામ તરીકે જરૂરિયાત ધરાવતા લોકો લાભાન્વિત થઈ શક્યા હતા. ઘણા વર્ષો સુધી આ ઉપક્રમ ચાલુ રહ્યો હતો તેવી મારી માહિતી છે.

આપણે એવી પણ ઘટનાઓ જોઈ છે કે સરકાર આપણી પોતાની હોય તો પણ કેટલાક નિર્ણયોમાં લોકમત કે લોકહિતની અવગણના જાણતા કે અજાણતા કરવામાં આવે છે. આ પ્રકારના સરકારના નિર્ણયોને પડકારવા માટે લોકમત જાગૃત કરવો પડે છે. આવી જાગૃતિની પ્રક્રિયા માટે જો લોકમત કેળવી શકાય તો તેના ચમત્કારિક પરિણામો મળી શકે છે. આવી ઘટના મણીભાઈના જીવનક્રમમાં પણ જોવા મળે છે. દેશ આઝાદ થયો તથા કચ્છ વર્ગનું રાજય ઘોષિત કરવામાં આવ્યું ત્યારબાદની આ ઘટના છે. ૧૯૫૨માં કચ્છના વહીવટીતંત્રે રાજાશાહીના સમયની જે અન્યાયી ગણાતી વિઘોટી(જમીન પરનો વેરો) હતી તે રદ કરીને નવી વિઘોટીની પ્રથા દાખલ કરી. દુર્ભાગ્યે આ પણ એક એડહોક નિર્ણય હતો તથા ખેડૂતોના હિતનું તેમાં ધ્યાન રાખવામાં આવ્યું ન હતું. એ બાબતનો આપણો સૌનો અનુભવ છે કે શાસકોમાં પરિવર્તન સાથે શાસનની પ્રથામાં પરિવર્તન ન થાય તો જનતાને તો ઠેરના ઠેર જેવી જ સ્થિતિ થાય છે. ગાંધીજી-વિનોબા આ વાત પૂર્ણતઃ સમજ્યા હતા અને તેથી તેમનો વિશેષ ઝુકાવ વ્યવસ્થા બદલવા તરફનો હતો. અહીં કચ્છમાં પણ રાજ્યતંત્રે જે નિર્ણય કર્યો તે પૂરતી વિચારણા કર્યા વગર તેમજ જેમને સરકારના આ નિર્ણયની અસર થવાની છે તેમના હિતનો ઊંડો અભ્યાસ કર્યા વગરનો હતો તેવો લોકમત હતો. મણીભાઈએ ગાંધી ચિંધ્યા માર્ગે ખેડૂતોને સરકારના આ અન્યાયકર્તા નિર્ણય સામે જાગૃત કર્યા. રાપર તાલુકા ખેડૂત મંડળની સ્થાપના કરવામાં આવી. ખેડૂતોનું વિશાળ સંમેલન ભરાયું. સરકારના આ નિર્ણયની સમીક્ષા કરવામાં આવી. તેનાથી ધરતીના તાત ખેડૂતને થતાં પ્રશ્નોની વિશદ ચર્ચાઓ થઈ. જિલ્લા વહીવટીતંત્રને તર્કબદ્ધ દલીલો સાથે ખેડૂતોના હિતની વાત સમજાવવાનો સનિષ્ઠ પ્રયાસ થયો. તુલસીદાસ શેઠ જેવા ઉમદા અમલદાર તથા પ્રેમજી ભવાનજી ઠક્કર અને જમિયતરાય વૈદ્ય જેવા નિર્ણયાત્મક અમલદારો-આગેવાનોના ગળે આ વાત ઉતરી. જમીન પર કર લેવાની પ્રથામાં લોકહિતને કેન્દ્રમાં રાખીને સુધારો થયો. જનમતની આ જીતમાં મણિભાઈનો સિંહફાળો રહ્યો હતો. સાંપ્રત કાળમાં પણ મણિભાઈ જેવા સામાજિક આગેવાનોની જરૂરિયાત એટલી જ છે કે જેટલી અગાઉ હતી. મણિભાઈના અમૂલ્ય યોગદાનને આ પુસ્તક પ્રકાશન નિમિતે વંદન કરવાનો અવસર છે.

# કાકાસાહેબની કાવ્યાત્મક કંડિકાઓ...




ગુજરાતી સાહિત્યમાં અનેક સર્જકો છે જેમને વાંચવા આનંદની એક સફર ગણી શકાય..માણસ પોતાની માતૃભાષામાં લખે અને જાણીતો લેખક કે કવિ થાય એ સહજ ઘટના છે..કોઈ સર્જક પોતાની માતૃભાષા સિવાયની અન્ય ભાષામાં સર્જન કરે અને એ ભાષાના ઉત્તમ લેખક તરીકે પ્રસ્થાપિત થાય એવી ઘટનાઓ વિરલ હોય છે..આપણી ભાષામાં કાકાસાહેબ કાલેલકર આવું જ એક વિસ્મયકારક નામ છે..જેમની પોતાની ભાષા મરાઠી હોવા છતાં એમણે ગુજરાતી ભાષામાં જે નિબંધો આને ચિંતનાત્મક લેખો લખ્યા છે એ અદભુત છે. કાકાસાહેબ કાલેલકરનો શબ્દ વૈભવ,એક સવાઈ ગુજરાતી તરીકે એમને પ્રસ્થાપિત કરે છે..એમની કાવ્યાત્મક ગદ્ય કંડિકાઓ ગુજરાતી સાહિત્યના ઘરેણા જેવી છે..

લેખકના પોતાના બાળપણના પ્રસંગો રજુ કરતું પુસ્તક એટલે "સ્મરણયાત્રા"..એ પોતાના વિશે શું કહે છે..? એમની રસપ્રદ કેફિયત જુઓ.."મારું નામ છે દત્તાત્રેય..પરંતુ લોકો મને 'કાકા કાલેલકર ' નામથી ઓળખે છે. મહારાષ્ટ્રમાં વ્યકિતને નામથી બોલાવવાને બદલે બાબા, તાત્યા અપ્પા. કાકા ,ભાઉ આદિ નામોથી બોલાવવાનો રિવાજ છે..મારા સૌથી મોટાભાઈનું લગ્ન થોડુક વહેલું થઈ ગયું હતુ એટલે એમને ત્યાં બાળક પણ વહેલું આવ્યું. હું ત્યારે દોઢ વરસનો હતો ત્યારે મારા ભાઈને ઘેર દિકરીનો જન્મ થયો અને આ રીતે દોઢ વર્ષની વયે જ હું 'કાકા' પદનો અધિકારી બની ગયો. ! બધા લોકો મને 'કાકા 'કહેવા લાગ્યા. પછી તો એ નામ મને એવું ચોંટી ગયું કે એ મારું વિશેષ નામ બની ગયું. ! નામનો આવડો મોટો બોજો ઉઠાવવાની સંમતિ મારી પાસે માગવામાં આવી હોત તો હું વિચારમાં પડી ગયો હોત. પણ જે નામ બચપણમાં અપાઈ ગયું એનો તો સ્વીકાર જ કરવો પડયો.

પંજાબમાં નાના બાળકને 'કાકા' જ કહે છે..સિંધમાં જઈએ એટલે કાકાનું 'કીકા 'થઈ જાય છે..કચ્છમાં નાના બાળકને' કીકો' પણ કહે છે..અથવા' કાકુ' પણ કહે છે..મહારાષ્ટ્રમાં અજાણ્યા બાળકને' કુકકુ બાળ' પણ કહે છે..સુદુર બંગાળમાં નાના બાળકને 'ખોકા' અથવા 'ખોકાબાબુ' કહે છે. એક જ નામનાં કેટલાં રૂપ બની ગયાં? ! નામ ભલે બદલાતાં રહે પણ આ નામ સાર્વભૌમ છે એટલો સંતોષ મને છે જ..

મારા ભાગ્યનો સ્વીકાર કરી હું 'કાકાસાહેબ' બની ગયો છું.ગાંધીજીએ મને ગુજરાત વિધ્યાપીઠનો કુલનાયક અને ટ્રસ્ટી બનાવ્યો ત્યારે એમણે કાર્યાલયમાં મારૂં નામ 'કાકાસાહેબ' જ લખાવ્યું હતું. ત્યારથી બેંકમાં પણ એ જ નામથી હસ્તાક્ષર કરવા પડયા..શરૂઆતમાં ગાંધીજી મને 'શ્રી કાકા ' લખતા હતા..એ સહન કરવુ એ શકય ન હતું.મેં એમને કહ્યુ 'મને આપ 'ચિરંજીવ કાકા' એમ લખો' એમણે એનો સ્વીકાર કરી લીધો..'ચિ.કાકા' લખવાનું શરૂઆતમાં એમને વિચિત્ર લાગતું હતું પણ પછી તો એમને પણ આદત પડી ગઈ...!'

આત્મકથનાત્મક વાત કરવી અઘરી છે..ઉક્ત થોડાક ફકરામાં કાકાસાહેબે કેવી કમાલ કરી નાખી છે..આપણે એક જ બેઠકો વાંચી નાખીએ એવી અદભુત લેખીની એમની છે..કોઈ લેખક તડકાનું સૌંદર્ય આલેખે કે ચામાચિડિયા જેવા એકાકી પ્રાણી ઉપર પણ આબેહૂબ વર્ણન કરી વાચકોને જકડી રાખે એવું બને ? કાકાસાહેબ માટે આવા વિષયો ઉપર પણ મૌલિક લખવું સહજ છે.એમનું એક પુસ્તક છે એનું નામ જ અનોખું છે 'રખડવાનો આનંદ'... એમાં વિવિધ સ્થળો ઉપર નિબંધો લખ્યા છે એ જોઈ દિંગ થઈ જવાય.. મુળભુત રીતે એ પ્રવાસ લેખક છે...રખડવાનો આનંદ કેવો હોય એનું તલસ્પર્શી વર્ણન કાકાસાહેબ કાલેલકરે કર્યુ છે. માણસમાત્ર સ્વભાવે સ્થાવર નહીં પરંતુ જંગમ હોય છે..ભવાટવિમાં ભટકતો માણસ જો પ્રવાસનો સહવાસ કરે તો આનંદ આપોઆપ અનુભવાતો હોય છે.મુસાફરીનો થાક માણસને જીવનનો નવો પરિપાક આપે છે..ઘરની બહાર નિકળતાં જ માણસને વિશ્વની વ્યાપકતાનો ખ્યાલ આવે છે.આપણી કુપમંડુકતા જયારે સમષ્ટી સમીપે જાય છે ત્યારે એક નવો ઉઘાડ આકાર લેતો હોય છે અવશેષો કે ખંડેરોને ખોળી કાઢતો માણસ અંદરથી પણ એમાં કશુંક ઊમેરતો હોય છે..જેના થકી માણસની અલ્પતાને આકાશની ભવ્યતાનો સધિયારો મળી જાય છે..

'સોનાની ખાણ' શિર્ષક હેઠળનો એમના લેખનું ચિંતન જોઈએ' સોનું એ આખરે શી ચીજ છે ? એ કંઈ નથી અનાજ કે ખાઈને પેટ ભરી શકાય.એ કંઈ નથી ફુલ કે સૂંઘીને મન પ્રસન્ન કરી શકાય.એ કંઈ ફોન નથી કે એના રસથી ધરાઈએ.એ કંઈ રૂ કે ઊન કે રેશમ નથી કે એનાં કપડાં બનાવી પહેરી શકાય.એ કંઈ લાકડાં કે લોઢું પણ નથી કે એમાંથી નિત્ય વ્યવહારની ઉપયોગી વસ્તુઓ તૈયાર કરી શકાય.અરે એ તમાકુ કે અફીણ પણ નથી કે જેના કેફમાં દુનિયાનાં દુઃખો ભુલી જઈએ.અને એ ઝેર પણ નથી કે જેને ખાઈને એક ભવમાંથી તો મુકત થઈએ..

છતાં એ ઝેર નથી એમ પણ કેમ કહેવાય? માણસનો પરસ્પરનો પ્રેમ વિશ્વાસ અને આદર એ નષ્ટ કરે છે.માણસની ધર્મબુધ્ધિનો એ નાશ કરે છે.પવિત્રમાં પવિત્ર સંબંધ પણ એ ક્ષણમાં તોડી નાખે છે.અને એ નશાની ચીજ નથી એમ પણ કઇ રીતે કહેવાય? એ પેટમાં નથી જતી એટલા માટે ? એનો નશો તો માણસનું આખું જીવન બગાડી નાખે છે.મોટાં મોટાં રાષ્ટ્રોને એ સ્વાતંત્ર્યનાશક પ્રવૃત્તિમાં ઉતારે છે...સોનું એ મોટામાં મોટો અનર્થ છે !'

આપણને સહુને લાગુ પડતી બાબત અને માનવસહજ જે વલણો છે એ રોજિંદી બાબતને કેટલી અદ્ભુત રીતે એમણે કહી છે..એમના લખાણોની આ બાબત અનોખી છે..એમની ભાષામાં સંસ્કૃત શબ્દોનું અદ્ભુત સાયુજ્ય છે..તો ગુજરાતી અને શિષ્ટ ભાષાનો સમન્વય છે..એમની લલિત શૈલીથી રચાતી પદાવલીઓ એક અનોખું સૌંદર્ય ઉભું કરે છે..એમનાં વાક્યો ઘણીવાર તો કોઈ કવિતાની પંક્તિ હોય એવાં આકર્ષક અને લયબધ્ધ લાગે છે..એમણે ગુજરાતી ભાષાને કેટલાય મૌલિક શબ્દો પણ આપ્યા છે..ડાયરી માટે વાસરિકા..બારી માટે વાતાયન..ઘર માટે નિવાસ.. સ્પોર્ટસનું ગુજરાતી રમતગમત..જેવા શબ્દો એમની આગવી દેન છે..ગાંધી આશ્રમમાં ગાંધીજીની કુટિર માટે એમણે 'હદયકુંજ ' નામાભિધાન કરેલું જે લોકજીભે છે. 'હિમાચલ પ્રવાસ' એમણે આપેલું અદ્ભુત પ્રવાસ વર્ણન છે..એમાં એ પ્રશ્ન કરે છે કે 'માણસ સ્વભાવે સ્થાવર છે કે જંગમ ?' અને પછી એ પ્રવાહનું મહત્વ સમજાવે છે.

નિખાલસતા ઉપરના એમના વિચારો 'માણસ લોકોને છેતરે છે એમાં બે હેતુઓ હોય છે.માણસને બનાવવા માટે અથવા ખાસ કોઈ સ્વાર્થ સાધવા માટે.છેતરવા જાય એમાં તો નરી દુષ્ટતા જ છે પણ માણસ પોતાની નબળાઈ ઢાંકવા અથવા પોતાનો જેમતેમ બચાવ કરવા જયારે લોકોને છેતરે છે ત્યારે એ પ્રયત્નને હું પ્રમાણમાં ક્ષમ્ય ગણું છું'.એક લેખનું શિર્ષક છે 'અબુધ્ધિનું સામ્રાજ્ય' ! દંભની મીમાંસા કરતાં એ કહે છે કે દંભ એટલે હડહડતું અસત્ય.દંભ માટે એ મિથ્યાચાર એવો શબ્દ પણ પ્રયોજે છે..તીડ જેવાં પક્ષીઓ બાબતે ચિંતન કરતાં એ કેવો જીવન મર્મ તારવે છે.. 'અજાણ્યું જાણી લેવું એ જ પુરૂષાર્થ એ જ પ્રગતિ!' એક જગ્યાએ એ લખે છે કે 'સમન્વય એ જ ઉત્તમ સાધના '..

કાકાસાહેબ કાલેલકરની ગુજરાતી ભાષામાં કાવ્ય છે.લાઘવ છે..લયનો હિલ્લોળ છે..એમનાં વાક્યોનું એક ઓજસ છે... ગુજરાતી ના હોવા છતાં એમણે આપણા રીતરીવાજ બોલી તહેવારો કે લોકજીવનના પ્રવાહોની ગજબ જાણકારી છે એમના નિબંધોમાં સંસ્કૃત શબ્દોનો ઝળહળાટ છે છતાંય એક અનોખી સાદગી પણ છે..એમના લેખોમાં ભારોભાર ચિંતન હોવા છતાં એ ભારેખમ બનતા નથી... શબ્દછટાઓ... રમૂજ અને પોતાની નબળાઈઓ ઉપરની નૂકતેચીનીઓ એમના નિબંધોને લોકપ્રિય બનાવે છે..એમણે પ્રચુરમાત્રામાં લખ્યું છે... છતાંય કયાં અટકી જવું એ પણ એમને આત્મસાત છે... એ ગાંધીયુગના લેખક છે પરંતુ એમનાં લખાણોમાં કેવો આદર્શ વાદ નથી..એ જીવનના તમામ રંગોને માણે છે અને બહેલાવે છે.એ રીતે જોઈએ તો કાકાસાહેબ માસ અને કલાસ બંને વર્ગ માટેના લેખક છે..આવી સિધ્ધિ મેળવનારા લેખકો બહુ ઓછા હોય છે. સવાઈ ગુજરાતી કાકાસાહેબના નિબંધો એ ઉત્તમ ઘરેણા જેવા છે.